માન. શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રીનું નિવેદન

તા-૦૭/૦૨/૨૦૨૪

માન. ધારાસભ્યશ્રીની ઉક્ત સુચના અન્વયે, પ્રસ્તુત બનાવ સંદર્ભે નિયામક, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય, ગુજરાત રાજ્યનો અહેવાલ મેળવવામાં આવેલ છે. તદ્દાનુસાર તા- ૩૧/૦૧/૨૦૨૪ ના રોજ બપોરે ૧૩:૪૫ કલાકે 'ઓનેરીઓ લાઇફકેર પ્રાઇવેટ લિમીટેડ', ગામ એકલબારા, તાલુકો પાદરા, જિલ્લો વડોદરા ખાતે અકસ્માત બનાવ બનેલ જેમાં કુલ ૦૫ (પાંચ) શ્રમયોગીઓ દાઝેલ હતા જે પૈકી ૦૩ (ત્રણ) શ્રમયોગીઓના દુ:ખદ અવસાન થયેલ છે અને ૦૨ (બે) શ્રમયોગીઓ સારવાર હેઠળ છે. સદરહુ બનાવના અનુસંધાને ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય વિભાગની વડોદરા કચેરી દ્વારા તપાસ કરવામાં આવેલ છે. સદરહુ કારખાનું 'ઓનેરીઓ લાઇફકેર પ્રાઇવેટ લિમીટેડ' નામે તારીખ ૧૮/૦૫/૨૦૦૫ થી કારખાના ધારા ૧૯૪૮ હેઠળ નોંધાયેલ કારખાનું છે.

સદરહુ કારખાનામાં વિવિધ દવાઓના કાચા માલ તરીકે વપરાતા "એક્ટીવ ફાર્માસ્યુટીકલ ઇન્ગ્રેડીએન્ટસ" ની ઉત્પાદન પ્રક્રિયા કરવામાં આવે છે. સદરહુ કારખાનામાં વિવિધ ઉત્પાદન પ્રક્રિયા દરમ્યાન ઉત્પન્ન થતા દુષિત કેમિકલયુક્ત પાણી કે જેમાં ઓર્ગેનિક અને ઇન-ઓર્ગેનિક કમ્પાઉન્ડ અને સોલ્વન્ટ નો થોડો ભાગ રહી ગયેલ હોય છે તેવા પાણીને બે ભાગમાં વિભાજીત કરી ઓછા ટોટલ ડીસોલ્વડ સોલીડસ ધરાવતા દુષિત કેમિકલયુક્ત પાણી ને ઇફ્લ્યુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ માં શુદ્ધીકરણ માટે લઇ જવામાં આવે છે અને વધુ ટોટલ ડીસોલ્વડ સોલીડસ ધરાવતા દુષિત કેમિકલયુક્ત પાણી ને કારખાનાના ઇફ્લ્યુઅન્ટ ટ્રીટમેનટ પ્લાન્ટના મલ્ટી ઇફેક્ટ ઇવેપોરેટોર અને એજીટેટેડ થીન ફિલ્મ ડ્રાયરમાં શુદ્ધીકરણ માટે લઇ જવામાં આવે છે જેમાં આ દુષિત કેમિકલયુક્ત પાણી નું શુદ્ધીકરણ કરી તેને નિકાલ યોગ્ય કરીને પાણીનો નિકાલ કરવામાં આવે છે.

તારીખ ૩૧/૦૧/૨૦૨૪ ના રોજ બપોરે ૧૩:૪૫ કલાકે એજીટેટેડ થીન ફિલ્મ ડ્રાયર સેકશન કે જેમાં દુષિત પાણી અને સોલ્ટ છુટા પાડવામાં આવે છે તેના ખુલ્લા

બોટમ માંથી ગરમ મટીરીયલ કોઇક કારણોસર અચાનક અવાજ સાથે તીવ્ર દબાણ સાથે બહાર આવવાનો અકસ્માતે બનાવ બનેલ તેમાં કારખાનામાં કામ કરતા ૦૫ (પાંચ) શ્રમયોગીઓ દાઝી ગયેલ જે પૈકી ૦૩ (ત્રણ) શ્રમયોગીઓ નામે (૧) ઠાકોર રાવજીભાઇ પરમાર (૨) નરેન્દ્ર કનુભાઇ સોલંકી (૩) રમેશભાઇ ગણપતભાઇ પઢિયાર ના દુ:ખદ અવસાન થયેલ છે અને કુલ ૦૨ (બે) શ્રમયોગીઓ નામે (૧) મયુરભાઇ લાલજીભાઇ પરમાર (૨) ભરત રમણભાઇ તિરગર ને ગંભીર રીતે દાઝી જતાં વડોદરા ખાતે કારખાનેદાર દ્વારા ખાનગી હોસ્પિટલ માં સારવાર અર્થે દાખલ કરેલ જેઓની સારવાર હાલ ચાલુ હતી જે પૈકી તા.૦૫/૦૨/૨૦૨૪ ના રોજ શ્રમયોગીશ્રી ભરત રમણભાઇ તિરગરની તબીયત સારી થતા હોસ્પિટલ માંથી રજા આપવામા આવેલ છે.

સમગ્ર વડોદરા જીલ્લામાં ધી એમ્પ્લોઇઝ સ્ટેટ ઇન્સ્યોરન્સ એક્ટ ૧૯૪૮ લાગુ પડતો હોઇ કારખાનામાં અકસ્માત માં મૃત્યુ પામેલ શ્રમયોગીઓના કાયદેસરના વારસદારોને કેન્દ્ર સરકારશ્રી ના ઈ.એસ.આઈ.સી. વિભાગ દ્વારા મળવાપાત્ર વળતર ચુકવવાની કાર્યવાહી કરવાની થાય છે જેના દાવા કારખાનેદાર દ્વારા ઈ.એસ.આઈ.સી. વિભાગમાં રજુ કરેલ છે. સારવાર હેઠળ ના શ્રમયોગીઓને પણ ઈ.એસ.આઈ.સી./કામદાર વળતર અધિનિયમ ૧૯૨૩ હેઠળ મળવાપાત્ર વળતર અંગેના દાવા કારખાનેદાર દ્વારા રજુ કરી દીધેલ છે.

આ ઉપરાંત મૃત્યુ પામેલ ૦૩ (ત્રણ) શ્રમયોગીઓના પરિવારજનોને રાજ્ય સરકારના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર તંત્રના સક્રિય પ્રયત્નોથી માનવતાના ધોરણે ૩૦-૩૦ લાખ (ત્રીસ-ત્રીસ લાખ) આમ કુલ રૂ. ૯૦,૦૦,૦૦૦ (નેવુ લાખ) કારખાનેદાર પાસેથી ચુકવણુ કરાવડાવવામાં આવેલ છે.

કારખાનામાં હાલમાં ઉત્પાદન પ્રક્રિયા બંધ કરવા માટે નાયબ નિયામક (ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થય વડોદરા) દ્વારા કારખાના ધારા ૧૯૪૮ હેઠળ મનાઈ હુકમ આપવામાં આવેલ છે. કારખાનામાં અકસ્માતે બનેલ બનાવ અન્વયે આનુષાંગિક વિગતવાર તપાસ ચાલુ છે.

***